**ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ**
(ગુજરાત સરકારનું સાહસ)
અધિક્ષક ઈજનેરશ્રી (મ.ગુ) ની કચેરી,
પાંચબત્તી, જી.આઇ.ડી.સી., ભરૂચ.
ફોન નંબર (૦૨૬૪૨)૨૪૨૪૪૨

**જાહેર નિવિદા નં.૧૭/૨૦૧૭-૧૮**

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમની મધ્ય ગુજરાત વર્તુળ કચેરીનાં તાબા હેઠળની કાર્યપાલક ઈજનેરશ્રી (આર એન્ડ બી), જીઆઇડીસી, ભરૂચ (૦૨૬૪૨૨૪૨૪૩૨), કાર્યપાલક ઈજનેરશ્રી, જીઆઇડીસી, વડોદરા (ફોન:૦૨૬૫-૨૩૬૩૮૨૫, ૨૩૬૩૮૪૦) અને કાર્યપાલક ઈજનેરશ્રી, જીઆઇડીસી, અંક્લેશ્વર (૯૮૭૯૧૧૦૦૯૫) હસ્તકનાં અનુક્રમ નં.૦૧ થી ૦૫ના કામો જેની અંદાજીત રકમ રૂ. ૧,૨૦,૬૦૦/- થી રૂ.૪,૬૬,૧૭૬/- ની વચ્ચે છે, જે માટે રસ ધરાવનાર ઈજારદારો પાસેથી રૂબરૂમાં ભાવ-પત્રકો મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ ઇસ્યુ કરવાની તારીખ ૧૯-૦૩-૨૦૧૮ થી ૨૮-૦૩-૨૦૧૮ કચેરી સમય દરમ્યાન જે તે કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાંથી જારી કરવામાં આવશે. ભરેલ ભાવ-પત્રકો સ્વીકારવાની આખરી તા.૦૬-૦૪-૨૦૧૮ સમય સાંજે ૫:૦૦ કલાક સુધીમાં સ્વીકારવામાં આવશે અને આવેલ ટેન્ડરો તા.૦૯-૦૪-૨૦૧૮ ના રોજ ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.
અનુંક્રમ નં. ૧નાં કામના ટેન્ડરો કાર્યપાલક ઈજનેરશ્રી આર એન્ડ બી), જીઆઇડીસી, ભરૂચની કચેરીમાં, અનુક્રમ નં.૨ થી ૪ નાં કામનાં ટેન્ડરો કાર્યપાલક ઈજનેરશ્રી, જીઆઇડીસી, વડોદરાની કચેરીમાં અને અનુક્રમ નં.૫ નાં કામનાં ટેન્ડરો કાર્યપાલક ઈજનેરશ્રી, જીઆઇડીસી, અંક્લેશ્વરની કચેરીમાં સ્વીકારવામાં આવશે.

આ કામોની વિગતવાર જાહેર નિવિદા ઓફિસનાં નોટીસ બોર્ડ ઉપર, જી.આઇ.ડી.સી.ની વેબસાઇટ www.gidc.gov.in માં જોઇ શકાશે. વધુ માહિતીની જરૂરિયાત હોય તો, જે તે સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીએથી કામકાજનાં સમય દરમિયાન મેળવી શકાશે. અનુક્રમ નં.૧ થી ૫નાં કામનાં કવર ઉપર કામનું નામ, ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ તેમજ ટેન્ડરો ખોલવાની તારીખ અવશ્ય લખવાની રહેશે. વેક્સ અથવા ટેપથી સીલ કર્યા વગરનાં કવરો સ્વીકારવામાં આવશે નહિ. બાના મુક્તિ પ્રમાણપત્ર ગ્રાહ્ય/સ્વીકાર્ય નથી જેની નોંધ લેવી. નિવિદામાં જણાવેલ કોઇ પણ અથવા બધા ટેન્ડરો કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા, રદ કરવા એ નિગમનો અબાધિત અધિકાર છે. જે તમામને બંધનકર્તા રહેશે. અધિકૃત વેબ-સાઇટ પર ટેન્ડરને લગતા તમામ સુધારા / વધારા ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધી જોઇ શકાશે.

**સહી/-**
**અધિક્ષક ઈજનેર (મ.ગુ)**
**ગુ.ઔ.વિ.નિ., ભરૂચ.**